# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૮ તા.૩-૭-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- 'કલા મહાકુંભ-૨૦૧૮' માં મ્યુનિ. શાળાના વિદ્યાર્થીઓને ભાગ લેવડાવવા બાબત.**
**સંદર્ભઃ-જિલ્લા રમતગમત અધિકારીની કચેરી જા.નં.જિ.ર.ગ.૫/કલા મ.કું./શહેર નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજિત રમત ગમત અધિકારીશ્રીની કચેરી અમદાવાદ શહેર દ્વારા સંચાલીત 'કલા મહાકુંભ' નું આયોજન આ વર્ષે પણ કરવામાં આવેલ છે. આ અંતર્ગત ચાલુ વર્ષે કલા મહાકુંભમાં ઓનલાઈન તથા ઓફલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧૫-૭-૨૦૧૮ સુધી www.kalamahakumbh.com પરથી કરવાનું રહેશે તેમજ ઓફલાઈન રજીસ્ટ્રેશન આ સાથે સામેલ ફોર્મ દ્વારા કરવાનું રહેશે.

કલા મહાકુંભનો તમામ શાળાઓમાં બહોળો પ્રચાર થાય અને વધુમાં વધુ કલાકારો ભાગ લે તેવા પ્રયત્નો હાથ ધરવા. આ સાથે સામાન્ય નિયમો અને અરજી ફોર્મ સામેલ છે.જેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.

**કલા મહાકુંભમાં નીચે મુજબના વયજૂથ પ્રમાણે સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૬ થી ૧૪ વર્ષ | (૨) | ૧૫ થી ૨૦ વર્ષ |
| (૩) | ૨૧ થી ૫૯ વર્ષ | (૪) | ૬૦ વર્ષથી ઉપરનું વયજૂથ |

**કલા મહાકુંભમાં ચાલુ વર્ષે ૭ નવી કૃતિઓ ઉમેરવામાં આવેલ છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | સમુહ લગ્નગીત/ફટાણા | (૨) | કુચીપૂડી | (૩) | સરોદ |
| (૪) | સારંગી | (૫) | જોડીયા પાવા | (૬) | રાવણ હથ્થો |
| (૭) | ભવાઈ | | | | |

ઉક્તકૃતિઓ પૈકી લગ્ન ગીત/ફટાણા મહાનગરપાલિકા કક્ષાએ, કુચીપૂડી,સરોદ, સારંગી જિલ્લા કક્ષાએ તથા ભવાઈ પ્રદેશ કક્ષાથી તેમજ જોડીયાપાવા અને રાવણહથ્થો રાજયકક્ષાએથી શરૂ થશે.

**<u>સ્પર્ધાની સંભવિત તારીખો</u>**

૧. ઝોનકક્ષાની સ્પર્ધાઓ : તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૨૨/૦૭/૨૦૧૮
૨. જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ : તા.૧૭/૦૭/૨૦૧૮ થી તા.૫/૦૮/૨૦૧૮
૩. પ્રદેશ કક્ષાની સ્પર્ધાઓ : તા.૮/૦૮/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮
૪. રાજય કક્ષાની સ્પર્ધાઓ : તા.૪/૦૯/૨૦૧૮ થી તા.૧૦/૦૯/૨૦૧૮

ઉક્ત સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ રમતગમત અધિકારીની કચેરી દ્વારા બહાર પાડવામાં આવશે તે મુજબ સ્પર્ધકોએ સ્પર્ધામાં જે તે તારીખ તથા સ્થળ પર સ્પર્ધામાં ભાગ લેવા આવવાનું રહેશે.

ઓફલાઈન રજીસ્ટ્રેશન કરનાર સ્પર્ધકોએ તા.૧૫-૭-૧૮ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, રવિશંકર રાવળ કલાભવન,૭ મે માળ,ભાઈકાકા ભવન સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬, ફોન નં.૨૬૪૬૦૦૨૩ મોકલી આપવાના રહેશે અને વિશેષ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો પણ સદરહુ કચેરીનો સંપર્ક કરવો.

તા.૩-૭-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# સામાન્ય નિયમો

- કોઇ માહિતી છુપાવવી નહી અને ખોટી માહિતી આપવી નહી.
- કાર્યક્રમ-સ્પર્ધા વખતે (સ્થળે) અસભ્ય વર્તન ન કરવું.
- કોઇપણ વ્યક્તિ એક જ ઇવેન્ટમાં ભાગ લઇ શકશે.
- ઉંમરના પુરાવા આપવા જરૂરી છે. આ માટે પોતાની ચુંટણી કાર્ડ, સંસ્થા-કોલેજનું આઇકાર્ડ, આધાર કાર્ડ વગેરે એક જ તાલુકામાંથી સ્પર્ધક કોઈપણ એક જ તાલુકા કે એકમમાંની સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઈ શકશે.

- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવામાં આવશે. નવી કોઇ સગવડ ઉભી કરવામાં આવશે નહીં.
- દરેક સ્પર્ધા માટે દર્શાવેલ નિયત સમય મર્યાદામાં ૧/૫ ભાગની સમય મર્યાદાની છુટ રહેશે.
- પોતાને જરૂરી પ્રોપર્ટી, સાધન, મેક અપ, અન્ય જરૂરી વધુ લાઇટ વગેરે સાધન સામગ્રી પોતેજ લાવવાની રહેશે.
- નિર્ણાયકોના નિર્ણય આખરી રહેશે. કોઇવાદ વિવાદ ચાલશે નહીં કે તમે ચેલેન્જ ગણાવવામાં આવશે નહીં.
- કાર્યક્રમના આગલા દિવસે પોતાએ જાતે જ કાર્યક્રમની વિગત મેળવવી, જેથી કોઈ ફેરફાર હોય તો તેથી માહિતગાર થઈ શકાય.
- કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહેશે.
- નિર્ણાયકો કે આયોજક સાથે અસભ્ય વર્તન કરનાર વ્યક્તિ/સંસ્થાને ૩ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- પોતાના કોસ્ચ્યુમ સાધન, લાઇટ, માઇક વગેરે માટે વધારાની સગવડ મળશે નહીં.
- પ્રદેશકક્ષાએ ભાગ લેવા માટે જિલ્લાની પ્રથમ નીચેની કક્ષાએ ભાગ લેવાનો રહેશે.
- રાજ્યકક્ષાએ ભાગ લેવા માટે પ્રદેશકક્ષાની પ્રથમ, દ્વિતીય સ્થાને વિજેતા બનેલ કલાકારોએ ભાગ લેવાનો રહેશે.
- એક કલાકાર એક જ કૃતિમાં ભાગ લઈ શકશે.
- તાલુકાકક્ષાથી શરૂ થતી સ્પર્ધામાં જે તે ઉંમર ગૃપે જે તે કક્ષાથી ભાગ લેવાનો રહેશે.
- જિલ્લાકક્ષાથી શરૂ થતી સ્પર્ધામાં જે તે ઉંમર ગૃપે જે તે કક્ષાથી ભાગ લેવાનો રહેશે.
- પોતાના ખર્ચે તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે. પ્રદેશ અને રાજ્યકક્ષાએ નિવાસ, પ્રવાસ, ભોજન ની વ્યવસ્થા કરવામાં આવશે.
- જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાઓ પુર્ણ થયા બાદ બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે ત્યારે પરિણામ જાહેર કરવામાં આવશે.
- તાલુકાકક્ષાએ વિજેતા સ્પર્ધકોએ જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે.
- જિલ્લાકક્ષાએ વિજેતા સ્પર્ધકોએ પ્રદેશકક્ષાએ ભાગ લેવાનો રહેશે.
- પ્રદેશકક્ષાએ વિજેતા સ્પર્ધકોએ રાજ્યકક્ષાએ ભાગ લેવાનો રહેશે.
- જિલ્લા, પ્રદેશ અને રાજ્યકક્ષાએ વિજેતા કલાકારોને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- જે તે કાર્યક્રમ શરૂ થવાના એક કલાક અગાઉ સ્પર્ધકોએ પહોંચીને પોતાનું રીપોર્ટીંગ કરાવવાનું રહેશે.
- આયોજકો, નિર્ણાયકો તથા સ્પર્ધા સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર અથવા બેહુદુ વર્તન કરનારને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે અને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સ્પર્ધાને અનુરૂપ જે તે કૃતિ ન હોય તે કૃતિને આયોજકો/નિર્ણાયકો સ્પર્ધામાંથી સ્પર્ધક ને દુર કરશે સ્પર્ધકને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સ્પર્ધકને જો કોઈ વાંધો, વાદ વિવાદ હોય તો વાંધા અરજી અને તેના વાંધા અરજી પેઠે રૂ.૫૦૦/- ફી સ્પર્ધા સ્થળે આયોજકને જમા કરાવવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થયા બાદ આયોજકો (લવાદ સમિતિ) યોગ્ય નિર્ણય લઈને આપને જવાબ આપશે જો આપનો વાંધો યોગ્ય હશે તો ફી પરત કરશે અન્યથા આ ફી સરકારશ્રીમાં જમા થશે. નિર્ણાયકો અને આયોજકોનો નિર્ણય આખરી રહેશે.

- સ્પર્ધકે જે ગ્રામ્ય/શહેર, તાલુકા કે જિલ્લામાંથી ભાગ લેતો હોય તે જિલ્લા, તાલુકા, ગ્રામ્ય/શહેરનો નિવાસ અંગેનો આધાર આપવાનો રહેશે.
- નિવાસ માટે તે વિસ્તારનું (આધારકાર્ડ, ચુંટણી કાર્ડ,પાનકાર્ડ, રેશનકાર્ડ, લાયસન્સ વગેરે) KYC આપવાનું રહેશે.
- વિદ્યાર્થીના કેસમાં જે તે સ્કુલ, કોલેજનું બોનાફાઈટ પ્રમાણપત્ર તથા સંસ્થાનું ઓળખપત્ર
- નોકરીયાતના કિસ્સામાં તે સંસ્થાનો લેટર, આઈ.કાર્ડ, અને સ્પર્ધાના રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખે તે વિસ્તારમાં છ મહિનાથી રહેવાનો આધાર આપવાનો રહેશે.
- દરેક કૃતિમાં ત્રણ નિર્ણાયકો ફરજીયાત રહેશે.
- વિજેતા ક્રમ એકથી ત્રણ આપવાના રહેશે. અને જેમાં પ્રથમ, બીજા કે ત્રીજા નંબરે બે નંબર (બેકેટ નંબર) આપવાના નથી.
- ઈનામ માટે જે તે વય જુથમાં ઓછામાં ઓછા ચાર સ્પર્ધા ફરજીયાત રહેશે

# વાદન વિભાગ

**હાર્મોનિયમ (હળવું)**

- સ્પર્ધા માટેનો અધિકતમ સમય ૬ મિનિટનો રહેશે.
- ભાગ લેનારે પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- હળવા સંગીત સ્વરૂપે આઈટમ રજુ કરવાની રહેશે. જેમાં ફિલ્મી સંગીત ન હોવું જોઈએ.
- નિર્ણય તાલ, ટેકનિક, સંગીત, રજુઆત, સમય, સામાન્ય છાપ પર આધારિત રહેશે. આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**વાંસળી**

- ભાગ લેનારે પોતાનું વાજીંત્ર લાવવાનું રહેશે.

- હિન્દુસ્તાની શૈલી માં રજુ કરી શકાશે.
- આ સ્પર્ધા માટે ૬ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**તબલા**

- ભાગ લેનારે પોતાનું વાજીંત્ર લાવવાનું રહેશે.
- આ સ્પર્ધા માટે ૬ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**ઓરગન**

**(શાસ્ત્રીય સંગીત રાગ વગાડનાર માટે)**

- ભાગ લેનારે પોતાનું વાજીંત્ર લાવવાનું રહેશે.
- હિન્દુસ્તાની શૈલી માં રજુ કરી શકાશે.
- આ સ્પર્ધા માટે ૬ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**(રાગ સિવાય (ફિલ્મ સંગીત, સુગમ ગીત કે કોઈપણ ધૂન (લોકગીત, ભજન સિવાય))**

- સ્પર્ધા માટેનો અધિકતમ સમય ૬ મિનિટનો રહેશે.
- ભાગ લેનારે પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય તાલ, ટેકનિક, સંગીત, રજુઆત, સમય, સામાન્ય છાપ પર આધારિત રહેશે. આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**વાયોલિન**

- ભાગ લેનારે પોતાનું વાજીંત્ર લાવવાનું રહેશે.
- હિન્દુસ્તાની શૈલી માં રજુ કરી શકાશે.
- આ સ્પર્ધા માટે ૬ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**સ્કુલ બેન્ડ**

- આ સ્પર્ધા ૧૫ વર્ષથી ઉપરના અને ૨૦ વર્ષ સુધીના માટેની રહેશે.
- આ સ્પર્ધામાં સ્કુલ દીઠ ભાગ લેનાર ની સંખ્યા ૨૧ ની રહેશે.
- આ સ્પર્ધા માટે ૧૫ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા ત્રણની રહેશે જે ટીમ મેનેજર રહેશે.
- બહારથી બેન્ડ, વાજીંત્રો વગાડવાના રહેશે નહી.ડ્રીલ, માર્ચપાસ્ટ, ડ્રેસ, કમાન્ડના આધારે નિર્ણયને પાત્ર રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**પખાવજ**

- ભાગ લેનારે પોતાનું વાજીંત્ર લાવવાનું રહેશે.
- આ સ્પર્ધા માટે ૬ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.

- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**મૃદંગમ**

- ભાગ લેનારે પોતાનું વાજીંત્ર લાવવાનું રહેશે.
- હિન્દુસ્તાની શૈલી માં રજુ કરી શકાશે.
- આ સ્પર્ધા માટે ૬ મિનિટ નો સમય રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**સીતાર/ગિટાર**

- આ સ્પર્ધા માટે અધિકતમ સમય ૬ મિનિટનો રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા એકની રહેશે.
- સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા તથા વાજિંત્રોના સૂર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
- આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

# ગાયન વિભાગ

**લગ્નગીત/ફટાણા**

- આ સ્પર્ધા માટે ૬ મિનિટનો સમય આપવામાં આવશે.
- લગ્નગીત/ફટાણા કંઠ્યસ્થ હોવું જોઈએ, લેખિત કૃતિનો આધાર લઈ શકાશે નહીં.
- આ સ્પર્ધામાં સ્પર્ધકોની સંખ્યા ૫ ની રહેશે.
- ૬ મિનિટમાં જૂના લગ્નગીત/ફટાણામાંથી જેટલા ગીતો સ્પર્ધકે રજૂ કરશે તે ઉપરથી તેનું મૂલ્યાંકન કરાશે. અપ્રચલિત લગ્નગીતો/ફટાણાની રજૂઆત આવકારદાયક દેખાશે. ફિલ્મોમાં આવતા કે ગ્રામોફોન રેકર્ડ ઉપર આવતા ગીતો સિવાયના ગીતો મૂલ્યાંકન માટે નિર્ણાયક બની રહેશે.
- ગીત વૈયક્તિક રીતે રજૂ કરવાનું રહેશે. પરંતુ ગીતની રજૂઆત માટે જે તે કક્ષાએ યોજાતી સ્પર્ધા વખતે ભાગ લેતા સમૂહ ગીતોની ટુકડીની સહાય ગીત ઝીલવા માટે લેવી હોય તો લઈ શકાશે. તેમ છતાં સ્પર્ધકે ગીત ઝીલવા માટે કે વાજિંત્ર વગાડવા માટે વધુમાં વધુ ૩ સહાયકો લાવી શકશે. વાજિંત્રમાં ફક્ત રિધમનો આશરો લઈ શકાશે.
- આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના અને ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.

**સુગમ સંગીત**

- ગીતની કૃતિ સમાજની દ્રષ્ટીએ પોષક હોવી જોઈયે. હળવા કંઠય સંગીત સાથે તબલા ઉપરાંત વધુમાં વધુ બે વાજિંત્રો નો ઉપયોગ કરી શકાશે. ગીત હિન્દી કે ગુજરાતી ભાષામાં રહેશે. સહાયકોની સંખ્યા ૩ ની રહેશે. આ સ્પર્ધા નો સમય ૫ મિનિટ નો રહેશે. આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.

  નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**શાસ્ત્રીય કંઠય સંગીત ( હિન્દુસ્તાની )**

- આ સ્પર્ધા માટેનો અધિકતમ સમય ૭ મિનિટનો રહેશે. સ્ટેજ, માઈક, સંગીતકારો ને બેસવા તથા વાજીંત્રોનાં સુર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવા માં આવશે. સ્પર્ધક ની સંખ્યા ૧ અને સહાયકની સંખ્યા ૧ ની રહેશે. આઈટ્મ હેઠળ ફિલ્મી ગીતો ની છૂટ નથી. રાગ અને રચનાની પસંદગીમાં પૂરતી કાળજી લેવાની રહેશે. નિર્ણય સ્વર, નામ, બોલનું ઉચ્ચારણ, રાગની પસંદગી, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે. આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**સમુહ ગીત**

- સ્પર્ધા માટે સમય ૬ મિનિટનો રહેશે. સમુહ શૌર્યગીત સ્પર્ધામાં વધુમાં વધુ ૫ સ્પર્ધકો રાખી શકાશે. આ સ્પર્ધામાં વધુમાં વધુ ૩ સહાયકો રાખી શકાશે. ગીત ગુજરાતી કે હિન્દી ભાષામાં રાખી શકાશે. ગીતની કૃતિ સમાજની દ્રષ્ટીએ પોષાક હોવી જોઈયે. મૂલ્યાંકનમાં મેક અપ, પહેરવેશ, સાજ-સજાવટ, પ્રકાશવ્યવસ્થા ઈત્યાદીને પ્રાધાન્ય આપવામાં આવશે નહી. આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**ગીત**

- આ સ્પર્ધામાં ભાગ લેનાર ૧ સ્પર્ધકે ૭ મિનિટમાં લોકગીત /ભજન રજુ કરવાનું રહેશે. કોઈ પણ ફિલ્મી ગીત કે ભજન રજુ કરી શકશે. લોકગીતમાં સહાયકની સંખ્યા ૩ ની રહેશે. ભજન જુના અપચલિત પ્રકારો માંથી પસંદગી કરવાની રહેશે. જેવા કે રામગરી,પ્રભાતિયા ,આરાધ, કીર્તન ,ખાબો, અગમ, ધ્રોળ, ઉપદેશ વાણી, વગેરે રજુ કરવાનું આવકારદાયક લેખાશે. લોકગીતો ભારતીય ગીત માંથી લેવા કોઈ પણ પ્રાદેશિક ભાષામાં હોવા જોઈએ. ભજન સ્પર્ધાનાં વાજિંત્રોનું, હાર્મોનિયમ, તબલા મંજીરા આશરો લઈ શકશે. લોકગીતનો નિર્ણય માત્ર ગાવાની ગુણવત્તા પર આધારિત રહેશે. મેક અપ – વેશભૂષા અને તેની ટીમની એક્શન પર નહી. ભજન સ્પર્ધક

કે જરૂ જણાય ઝીલવા માટે લોકગીતમાં સહાયકનો ઉપયોગ કરી શકશે. આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.

- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

## નૃત્ય વિભાગ

**ભરતનાટ્યમ (શાસ્ત્રીય નૃત્ય)**

- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધકનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા ૧ રહેશે. સ્ટેજ, માઈક, સંગીતકારો ને બેસવા તથા વાજેન્ત્રો નાં સુર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવા માં આવશે. નિર્ણયનું તાલ , ટેકનિક, લય, અભિનય કે અભિવ્યકિત, વેશભૂષા, ફૂટવર્ક અને એકંદરે છાપ જેવી ગુણવત્તાઓ પર આધારિત રહેશે. નૃત્ય રેકોર્ડ , કેસેટ અથવા લાઈવ વાજિંત્રો સાથે પણ રજુ કરી શકાશે. આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**કથક (શાસ્ત્રીય નૃત્ય)**

- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધકનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા ૧ રહેશે. સ્ટેજ, માઈક, સંગીતકારો ને બેસવા તથા વાજેન્ત્રો નાં સુર મેળવવા માટે વધારાની ત્રણ મિનિટ આપવા માં આવશે. નિર્ણયનું તાલ , ટેકનિક, લય, અભિનય કે અભિવ્યકિત, વેશભૂષા, ફૂટવર્ક અને એકંદરે છાપ જેવી ગુણવત્તાઓ પર આધારિત રહેશે. નૃત્ય રેકોર્ડ , કેસેટ અથવા લાઈવ વાજિંત્રો સાથે પણ રજુ કરી શકાશે. આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**કુચીપુડી**

- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધકનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા ૧ રહેશે.
- સ્ટેજ, માઇક, ગોઠવવામાં, સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રનો સૂર મેળવવા વગેરે માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય, તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્ત વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવતા પર આધારિત રહેશે.
- નૃત્યનું વર્ણન, એમાની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
- નૃત્ય રેકોર્ડ કેસેટ અથવા પેન ડ્રાઈવ અથવા લાઈવ ઉપર રજૂ કરી શકશે.
- આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.

**મણીપુરી**

- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધકનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા ૧ રહેશે.
- સ્ટેજ, માઇક, ગોઠવવામાં, સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રનો સૂર મેળવવા વગેરે માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય, તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્ત વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવતા પર આધારિત રહેશે.
- નૃત્યનું વર્ણન, એમાની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
- નૃત્ય રેકોર્ડ કેસેટ અથવા પેન ડ્રાઈવ અથવા લાઈવ ઉપર રજૂ કરી શકશે.
- આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.

**ઓડીસી**

- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધકનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં સહાયકોની સંખ્યા ૧ રહેશે.
- સ્ટેજ, માઇક, ગોઠવવામાં, સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રનો સૂર મેળવવા વગેરે માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણય, તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્ત વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવતા પર આધારિત રહેશે.
- નૃત્યનું વર્ણન, એમાની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
- નૃત્ય રેકોર્ડ કેસેટ અથવા પેન ડ્રાઈવ અથવા લાઈવ ઉપર રજૂ કરી શકશે.
- આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.

**લોકનૃત્ય / સમૂહ નૃત્ય**

- આ સ્પર્ધા માટેનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. જેમાં ૧૬ કલાકારો અને ૪ સંગીતકારોનો પણ સમાવેશ કરવાનો રહેશે. ટીમ ભાઈઓ, બહેનો અથવા બંને ભેગી કરેલી હોઈ શકે. નૃત્ય પ્રાચીન, ભારતીય શૈલી જેવા હોવા જોઈયે. સંપૂર્ણ શાસ્ત્રીય નૃત્ય આધારિત ન હોવું જોઈયે. નૃત્યનો સમયગાળો ૮ મિનિટથી વધુ ન થવી જોઈયે. સેટ ગોઠવવા માટે વધારાની ત્રણ મિનિટ થી વધુ ના થવી જોઈએ. આ આઈટમ માટે આગળથી રેકર્ડ કરેલ સંગીત (ટેપ-કેસેટ) વગેરેની છૂટ આપવામાં આવશે નહી. આ
- આ સ્પર્ધામાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી , ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ અને ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ સુધીના ભાગ લઇ શકશે.
 નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ

**ગરબા**

- આ સ્પર્ધા માટેનો અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. જેમાં ૧૬ કલાકારો અને ૪ સહાયકોનો પણ સમાવેશ કરવાનો રહેશે. ગરબા સાથે સાજ સંગીતમાં વધુમાં વધુ ૪ વાધો ઉપયોગમાં લઈ શકાશે. હાર્મોનિયમનો ઉપયોગ થઈ શકશે અને તે એક વાધ તરીકે ગણાશે. વળી, હાર્મોનિયમ વગાડનાર કલાકારોને માઈકથી દુર બેસવાનું રહેશે. જે વાધનો ઉપયોગ કરવા માગતા હોય તેના નામ પ્રવેશપત્રમાં ભરવા આવશ્યક છે. ગરબે ઘૂમતી બહેનો પૈકી ૨ (બે) થી ૪ (ચાર) બહેનો ગરબો ગવડાવશે અને બાકીની બહેનો પોતાનો ગરબો ઝીલે અને ઝીલાવે એ આવશ્યક છે . એ માટે જુદુ ગાયકવૃંદ રાખી શકાશે નહી. કૃતિઓનું ધોરણ લોકસાહિત્યની દ્રષ્ટિ એ યથા યોગ્ય હોવું જોઈએ અને કેવળ જોડકણ જેવી કૃતિઓ હશે તો આયોજકોને તેનો અસ્વીકાર કરવાનો અધિકાર રહેશે. ગરબાની રજૂઆત માટે ચપટી, મંજીરા, દિવડા , માટલી , માંડવડી/ગાગર, ઘડો વિગેરે નો ગરબામાં ઉપયોગ થઈ શકશે. ગરબા નૃત્યપ્રધાન ન હોવા જોઈએ . તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ અસ્થાને

લેખાશે. ગરબાની ચકાસણી લોકગમ્યઢાળ કંઠનું માધુર્ય અને સુરીલા પણું અમસ્ત ગાનાર વૃંદના સુમેળભર્યા લલિત અંગ ડોલન સાથે ની લયબધ ઘુમાવાની છટા અને સુસ્પષ્ટ  ચ્ચારણ જેવા ગરબાના પ્રધાન અંગ પ્રત્વે સવિશેષ ધ્યાન આપશે અને એ જ ધોરણે મુલ્યાંકન કરાશે. આ સ્પર્ધામાં ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ અને ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ  સુધીના ભાગ લઇ શકશે.
નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

**રાસ સ્પર્ધા**

રાસમાં ભાગ લેનાર વ્યક્તિઓ ની સંખ્યા ૧૬ ની  રાખી શકાશે અને સાથે સહાયકો ૪ રાખી શકાશે. આમ કુલ સંખ્યા ૨૦ કરતા વધારે રાખી શકાશે નહિ. રાસ હરીફાઈ માં એકલા ભાઈઓ, એકલી બહેનો, છોકરાઓ/છોકરીઓ (ભાઈઓ-બહેનો) મિશ્ર રાસની ટુકડી ભાગ લઇ શકશે.બહેનો ભાઈઓ નો વેશ લઇ રાસ સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહિ. આમ ત્રણેય વૃંદોનું મૂલ્યાંકન એક સરખું રહેશે. રાસ, દાંડિયા, મંજીરા, કરતાલ સાથે પણ રાસ લઇ શકાશે. વેશભૂષા રાસને અનુરૂપ હોવી આવશ્યક છે. રાસમાં અસલ લોક ગીત વગેરે લોકકલાના શુધ્ધ સ્વરૂપના ગીતો રજુ કરવાના રહેશે. રાસમાં હર્મોનીયમનો ઉપયોગ કરી શકાશે. રાસ બહારથી પણ ગવડાવી શકાશે. ઈલેક્ટ્રોનિક વાદ્યનો ઉપયોગ કરી શકાશે નહિ. રાસ ની સમય મર્યાદા ૮ મિનિટની રહેશે. ગીતની પસંદગી, નુત્યની શૈલી, વેશભૂષા, રજૂઆતની છતા જેવી બાબતોને ધ્યાને લઇ નિર્ણાયકને પાત્ર રહેશે. આ સ્પર્ધામાં ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ અને ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ  સુધીના ભાગ લઇ શકશે.

- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ.

## અભિનય વિભાગ

**એકપાત્રીય અભિનય**

- સ્પર્ધાનો સમય ૬ મિનિટ નો રહેશે. અભિનયની સ્ક્રીપ્ટ, લેખનનું નામ નાટય વિષય વસ્તુ અગાઉથી આપવાની રહેશે. એક પાત્રીય અભિનય માટે વેશભૂષાનો ઉપયોગ કરી શકાશે અને તે માટેની જરુરી સાધનસામગ્રી કલાકારે પોતે લાવવાની રહેશે. કોઈ પણ એક જ પાત્રના મનોભાવને અભિવ્યક્ત કરવાના રહેશે. બહુપાત્રીય અભિનય / મિમિક્રી આપો આપ રદ થવાને પાત્ર રહેશે. આ સ્પર્ધા તમામ વિભાગ માટે રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે અને તેમાં કોઈ તકરાર કે દાવો કરી શકશે નહિ

**ભવાઇ**

- આ સ્પર્ધા માટેનો અધિકતમ સમય ૬ મિનિટનો રહેશે. જેમાં ૧૦ કલાકારો અને ૫ સહાયકોનો પણ સમાવેશ કરવાનો રહેશે. ભાગ લેનારે ભવાઈમાં જરૂરી સાધન સામગ્રી પોતાની લાવવાની રહેશે. સંગીતમાં લોકવાદ્ય સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. જેમાં(ભૂંગળ, તબલા, મંજીરાં, હાર્મોનિયમ, ઝાંઝ, સાગર, થાળી, ચમચી વગેરે). પૌરાણિક વાર્તાઓ પર ભવાઇ રજૂ કરવાની રહેશે, જેમાં - રા.નવઘન, પૃથ્વીરાજ ચૌહાણ, વીર માંગડાવાળો, જેંસલ તોરલ, હોથલ પદમણી, રાજા ભરથરી, હરિચંદ્ર-તારામણી, રામલીલા જેવી પૌરાણિક વાર્તાઓની સ્ક્રીપ્ટ પર ભજવવાનું રહેશે. વાર્તાની સ્ક્રીપ્ટ અચૂક રજૂ કરવાની રહેશે. આ સ્પર્ધામાં ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ  સુધીના ભાગ લઇ શકશે.

# કલા મહાકુંભ – ૨૦૧૮

તાલુકા/ઝોન(મહાનગરપાલિકા)/ જિલ્લાકક્ષાની સ્પર્ધા માટેનું અરજી પત્રક જિલ્લો-

(૧) સ્પર્ધકનું નામ : ......................................................................................................................................

**જાતિ : સ્ત્રી / પુરુષ / અન્ય**

(૨) શાળા/કોલેજનું નામ : ..........................................................................................................................

(૩) ઘરનું સરનામું : ...................................................................................................................................

.........................................................................................................................................

(૪) જન્મ તારીખ : ..............................................................................

(૫) ધોરણ : ........................................

(અભ્યાસ ન કરતા કલાકારોએ જન્મ તારીખનો દાખલો/ આધારકાર્ડની ખરી નકલ જોડવી.)

(૬) ઇ મેઈલ એડ્રેસ : .............................................................................................................

(૭) મોબાઈલ નંબર : ..............................................

(૮) ટેલીફોન નંબર : ..................................................

- **સ્પર્ધક ગમે તે એક જ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. અને પસંદ કરી ( √ ) નિશાની કરવી.**

| ઉંમર વય મર્યાદા (૩૧/૧૨/૨૦૧૮ ને ધ્યાને રાખવી) | વય મર્યાદા | | નિશાની કરવા માટે |
|---|---|---|---|
| | (૧) | ૬ થી ૧૪ વર્ષ | |
| | (૨) | ૧૫ થી ૨૦ વર્ષ | |
| | (૩) | ૨૧ થી ૫૯ વર્ષ | |
| | (૪) | ૬૦ થી ઉપર (ઓપન ગૃપ) ફક્ત રાજયકક્ષાએ | |

| વિભાગ | કલા | નિશાની કરવા માટે | વિભાગ | કલા | નિશાની કરવા માટે |
|---|---|---|---|---|---|
| ગાયન | સુગમ સંગીત - તાલુકા/ઝોનકક્ષાએ | | વાદન | વાંસળી - તાલુકા/ઝોનકક્ષાએ | |
| | ગીત - તાલુકા/ઝોનકક્ષાએ | | | તબલા - તાલુકા/ઝોનકક્ષાએ | |
| | શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) -જિલ્લાકક્ષાએ | | | હારમોનિયમ (હળવું) તાલુકા/ઝોનકક્ષાએ | |
| | સમુહ ગીત - તાલુકા/ઝોનકક્ષાએ | | | ઓરગન - તાલુકા/ઝોનકક્ષાએ | |
| | સમુહ લગ્ન ગીત/ફટાણા - તાલુકા/ઝોનકક્ષાએ | | | પખાવજ -જિલ્લાકક્ષાએ | |
| નૃત્ય | ગરબા - તાલુકા/ઝોનકક્ષાએ | | | સિતાર -જિલ્લાકક્ષાએ | |
| | ભરતનાટ્યમ - તાલુકા/ઝોનકક્ષાએ | | | ગીટાર -જિલ્લાકક્ષાએ | |
| | રાસ -જિલ્લાકક્ષાએ | | | વાયોલીન -જિલ્લાકક્ષાએ | |
| | કથ્થક -જિલ્લાકક્ષાએ | | | સ્કુલ બેન્ડ -જિલ્લાકક્ષાએ | |
| | લોક નૃત્ય /સમુહ નૃત્ય – તાલુકા/ઝોનકક્ષાએ | | | મૃદંગમ -જિલ્લાકક્ષાએ | |
| | ઓડીસી – જિલ્લા કક્ષાએ | | | સારંગી – જિલ્લાકક્ષાએ | |
| | મણિપુરી – જિલ્લા કક્ષાએ | | | સરોદ – જિલ્લા કક્ષાએ | |
| | કુચિપુડી – જિલ્લા કક્ષાએ | | | જોડીયા પાવા – રાજયકક્ષાએ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **અભિનય** | એક પાત્રીય અભિનય<br>તાલુકા/ઝોનકક્ષાએ | | | રાવણહથ્થો – રાજ્યકક્ષાએ | |
| | ભવાઇ પ્રદેશ કક્ષા, રાજ્યકક્ષા | | | | |

***શાળા/સંસ્થાના સહી/સિક્કા**

**સ્પર્ધકની સહી**

**<u>નોંધ :-</u>**

જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા તેમજ રાજ્યકક્ષા ખાતે વિજેતા કલાકારોએ પોતાના બેન્કના ખાતાની વિગત અચૂક પણે આપવાની રહેશે જેની નોંધ લેવી.

# <u>કલા મહાકુંભ – ૨૦૧૮</u>

તાલુકા/ઝોન(મહાનગરપાલિકા)/ જિલ્લાકક્ષાની સ્પર્ધા માટેનું અરજી પત્રક        જિલ્લો-

**સમૂહ સ્પર્ધા માટે કલાકારોની યાદી**

**( ગરબા, રાસ, લોક નૃત્ય/સમૂહ નૃત્ય, સ્કુલ બેન્ડ, ભવાઇ, સમુહ લગ્ન ગીત )**

(૧) શાળા/સંસ્થાનું નામ તથા સરનામું : ........................................................................................................

(૨) સંચાલકશ્રીનું નામ  : .........................................................સંપર્ક નંબર : ...................................

(૩) સ્પર્ધાનું નામ : .........................................................................................................................................

એન્ટ્રીનો નમૂનો (શાળા/સંસ્થાના લેટર પેડ પર પત્રક – અ મુજબ સંખ્યા) :

| **ક્રમ** | **સ્પર્ધકનું નામ** | **સરનામું** | **જન્મ તારીખ** | **જાતિ** |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |
| **ક્રમ** | **સહાયકનું નામ** | **સરનામું** | **સંપર્ક નંબર** | **જાતિ** |
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |

- આ સાથેના સંખ્યા પત્રકને ધ્યાને રાખી કલાકાર અને સહાયકની એન્ટ્રી બનાવવાની રહેશે.
- અધૂરી વિગત સાથેની એન્ટ્રી માન્ય ગણવામાં આવશે નહીં.
- સમૂહ નૃત્યની સ્પર્ધામાં ઓછામાં ઓછા ૧૨ કલાકાર અને વધુમાં વધુ ૧૬ કલાકાર ભાગ લઈ શકશે.
- ખાસ નોંધ - ( ગરબા, રાસ, નૃત્ય/સમૂહ નૃત્ય ટીમમાં નીચેની વય ધરાવતા કલાકારો ઉપલી કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

**આચાર્યશ્રી/સંસ્થા સંચાલકના સહી સિક્કા**

<u>**નોંધ :-**</u>

જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા તેમજ રાજ્યકક્ષા ખાતે વિજેતા કલાકારોએ પોતાના બેન્કના ખાતાની વિગત અચૂક પણે આપવાની રહેશે જેની નોંધ લેવી.

<u>**પત્રક - અ**</u>

# ઉંમર, ગૃપ મુજબ કૃતિઓ તથા ભાગ લેનારની સંખ્યા, સહાયક અને સમય

| ઉંમર, ગૃપ મુજબ કૃતિઓ તથા ભાગ લેનારની સંખ્યા, સહાયક અને સમય | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | કૃતિનું નામ | સ્પર્ધકોની સંખ્યા | સહાયકોની સંખ્યા | કુલ સંખ્યા | સમય (મિનિટ) | ઉંમર ગૃપ પ્રમાણે ભાગ લેવા મટેની કૃતિઓ ગૃપ વાઇઝ | | | |
| | | | | | | ૬ થી ૧૪ વર્ષ | ૧૫ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૫૯ વર્ષ | ૬૦ વર્ષથી (ઓપન ગૃપ) રાજ્ય કક્ષાએથી |
| **ગાયન વિભાગ** | | | | | | | | | |
| ૧ | સુગમ સંગીત (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૩ | ૪ | ૫ | √ | √ | √ | √ |
| ૨ | ગીત (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૩ | ૪ | ૭ | √ | √ | √ | √ |
| ૩ | શાસ્ત્રીય કંઠય સંગીત (હિંદુસ્તાની) (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૭ | √ | √ | √ | √ |
| ૪ | સમુહ ગીત (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૫ | ૩ | ૮ | ૬ | √ | √ | X | X |
| ૫ | સમુહ લગ્ન ગીત / ફટાણા (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૫ | ૩ | ૮ | ૬ | √ | √ | √ | X |
| **નૃત્ય વિભાગ** | | | | | | | | | |
| ૧ | ગરબા (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧૬ | ૪ | ૨૦ | ૮ | X | √ | √ | X |
| ૨ | ભરતનાટ્યમ (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૮ | √ | √ | X | X |
| ૩ | રાસ (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧૬ | ૪ | ૨૦ | ૮ | X | √ | √ | X |
| ૪ | કથ્થક (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૮ | √ | √ | X | X |
| ૫ | લોક નૃત્ય/સમુહ નૃત્ય (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧૬ | ૪ | ૨૦ | ૮ | √ | √ | √ | X |
| ૬ | મણીપુરી (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૮ | √ | √ | X | X |
| ૭ | ઓડીસી (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૮ | √ | √ | X | X |
| ૮ | કુચિપુડી (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૮ | √ | √ | X | X |
| **વાદન વિભાગ** | | | | | | | | | |
| ૧ | વાંસળી (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૨ | તબલા (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૩ | હારમોનિયમ (હળવું) (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૪ | ઓરગન (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૫ | પખાવજ (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૬ | સિતાર (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૭ | ગીટાર (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૮ | વાયોલીન (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૯ | સ્કુલ બેન્ડ (જિલ્લા કક્ષા) | ૨૧ | ૩ | ૨૪ | ૧૫ | X | √ | X | X |
| ૧૦ | મૃદગમ (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | સરોદ (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૧૨ | સારંગી (જિલ્લા કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૧૩ | જોડીયાપાવા (રાજય કક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| ૧૪ | રાવણહથ્થો (રાજયકક્ષા) | ૧ | ૧ | ૨ | ૬ | √ | √ | √ | √ |
| **અભિનય વિભાગ** | | | | | | | | | |
| ૧ | એક પાત્રીય અભિનય (તાલુકા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા) | ૧ | ૦ | ૧ | ૬ | √ | √ | √ | √ |
| ૨ | ભવાઇ (પ્રદેશ કક્ષા, રાજ્યકક્ષા) | ૧૦ | ૫ | ૧૫ | ૬ | √ | √ | √ | X |
| **કુલ** | | **૧૧૧** | **૫૧** | **૧૬૨** | | | | | |